eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 253
December 31, 2010

## પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન



સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનમાં કૃષ્ણકુંજ (અઠવા) મ્યુ. પાર્ટી પ્લોટ,પોલીસ પરેડ ગ્રાઉન્ડની સામે,અઠવાલાઈન્સ ખાતે તા. ૨૫–૧૨–૧૦ થી તા. ૩૧–૧૨–૧૦ સુધી પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્વર્ણિમ સીટી રન–૨૦૧૧"

સુરત મહાનગરપાલિકા કલા અને વૈવિધ્યપુર્ણ સાંસ્કૃતિક પ્રવૃત્તિના જતનની સાથે શહેરીજનોનું આરોગ્ય જળવાય રહે તે માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત શહેરમાં આવેલી પુરાતન મિલ્કતો/ઈમારતો, સાંસ્કૃતિક વારસાની ધરોહરની જાળવણી કરી આવનારી પેઢી માટે રચનાત્મક કાર્યના ભાગરૂપે વર્કશોપનું કરવામાં આવેલ આયોજન

સુરત શહેર સદીઓનો ઐતિહાસિક વારસો ધરાવતું શહેર છે. આ શહેરમાં આવેલી પુરાતન મિલ્કતો/ઈમારતો, સાંસ્કૃતિક વારસાની ધરોહરની જાળવણી કરી આવનારી પેઢી માટે રચનાત્મક કાર્યના ભાગરૂપે આજે તા.૨૮/૧૨/૨૦૧૦, મંગળવાર સવારે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉર્જા બચત અંગેના વિવિધ કાર્યક્રમો,પ્રેઝન્ટેશનો તથા સ્લાઈડ શોનું આયોજન



સ્વર્ણિમ નિર્મળ ગુજરાત ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૪/૧૨/૨૦૧૦ થી તા. ૩૧/૧૨/૨૦૧૦ દરમ્યાન ઉર્જા બચત અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સ્વર્ણિમ ગુજરાત નિમિતે સમયદાનનાં કાર્યક્રમ અંતર્ગત કતારગામ ઝોનમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ

સ્વર્ણિમ ગુજરાત નિમિતે સમયદાનનાં કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ મેયરશ્રીના વરદહસ્તે તા.૩૦/૧૨/૨૦૧૦નાં રોજ અમરોલી બ્રીજની બાજુમાં પાળા પાસેની જગ્યામાં રાખવામાં આવેલ. શ્રી ગણેશ ઉત્સવ સમિતિનાં પ્રમુખશ્રી અનિલભાઈ બિસ્કીટવાળા(મ્યુ.સભ્યશ્રી) તથા તેઓના કાર્યકરોની સમગ્ર ટીમ મારફતે છેલ્લાં દસ દિવસથી સમય ફાળવી સદર સ્થળે અવિરત કામગીરી કરવામાં આવી રહી છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન



સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા ઝોનમાં કૃષ્ણકુંજ (અઠવા) મ્યુ. પાર્ટી પ્લોટ,પોલીસ પરેડ ગ્રાઉન્ડની સામે,અઠવાલાઈન્સ ખાતે તા. ૨૫–૧૨–૧૦ થી તા. ૩૧–૧૨–૧૦ સુધી પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ છે.

તા. ૨૫–૧૨–૧૦ના રોજ સાંજે ૬.૩૦ કલાકે સમારંભના ઉદઘાટકશ્રી અને મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ(રાજુ દેસાઈ) ના વરદ હસ્તે આ પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલ જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા.સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, અતિથિ વિશેષ મા. ડે. મેયર શ્રીમતી છાયાબેન ભુવા, મા. નેતાશ્રી શાસક પક્ષ શ્રી દયાશંકર શકલનારાયણ સિંગ ઉપસ્થિત રહયા હતા. આ પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલમાં પોંક ઉપરાંત સુરતી, સાઉથ ઈન્ડિયન, કાઠીયાવાડી, ચાઈનીઝ,ગુજરાતી વિગેરે વાનગીઓના વિવિધ સ્ટોલોનું આયોજન કરવામાં આવેલ છે. આ પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલ તા. ૨૫–૧૨–૧૦ થી તા. ૩૧–૧૨–૧૦ સુધી સાંજે ૬.૦૦ થી રાત્રે ૧૧.૦૦ કલાક દરમ્યાન જાહેર જનતા માટે ખુલ્લો રાખવામાં આવશે.

આ પ્રસંગે મહાનુભાવો, મ્યુ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, ચેનલોના પ્રતિનિધિઓ અને વિશાળ સંખ્યામાં જાહેર જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## ''સ્વર્ણિમ સીટી રન–૨૦૧૧''

સુરત મહાનગરપાલિકા કલા અને વૈવિધ્યપુર્ણ સાંસ્કૃતિક પ્રવૃત્તિના જતનની સાથે શહેરીજનોનું આરોગ્ય જળવાય રહે તે માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરે છે. સને ૨૦૧૦–૨૦૧૧નું વર્ષ ''સ્વર્ણિમ ગુજરાત વર્ષ'' તરીકે ઉજવણી તથા આગામી પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૧ની રાજય કક્ષાની ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં તા. ૨૩મી જાન્યુઆરી ૨૦૧૧ના રોજ ''સ્વર્ણિમ સીટી રન–૨૦૧૧''નું આયોજન કરવામાં આવેલ છે. આ ''સ્વર્ણિમ સીટી રન–૨૦૧૧''માં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાય તે માટે શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા તા. ૦૨/૦૧/૨૦૧૧ના રોજ સવારે ૭.૩૦ કલાકે સુરત બારડોલી રોડ આઈ માતા ચોકથી, અર્ચના સ્કૂલ થઈ, બોમ્બે માર્કેટ રોડ, નંદલાલ હવેલી સુધી શહેરની માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની ''સીટી રન''નું આયોજન કરવામાં આવેલ છે. આ ''સીટી રન'' માં ભાગ લેવાના ફોર્મ સુરત મહાનગરપાલિકાના દરેક ઝોન અને સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી. મહેતા નાટયગૃહ(રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી મેળવી પરત કરવાના રહેશે. દોડના સ્થળ અને અન્ય માહિતી માટે સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી. મહેતા નાટયગૃહ (રંગ ઉપવન), ચોકબજાર, સુરત(ફોન નં.૯૭૨૪૩૪૩૯૧૭) ખાતે સંપર્ક કરવા વિનંતી. આ ''સીટી રન''માં શહેરની હદ વિસ્તારમાં આવેલ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ઉત્સાહ પુર્વક મોટી સંખ્યામાં ભાગ લેવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

TOP

# સુરત શહેરમાં આવેલી પુરાતન મિલ્કતો/ઈમારતો, સાંસ્કૃતિક વારસાની ધરોહરની જાળવણી કરી આવનારી પેઢી માટે રચનાત્મક કાર્યના ભાગરૂપે વર્કશોપનું કરવામાં આવેલ આયોજન



સુરત શહેર સદીઓનો ઐતિહાસિક વારસો ધરાવતું શહેર છે. આ શહેરમાં આવેલી પુરાતન મિલ્કતો/ઈમારતો, સાંસ્કૃતિક વારસાની ધરોહરની જાળવણી કરી આવનારી પેઢી માટે રચનાત્મક કાર્યના ભાગરૂપે આજે તા.૨૮/૧૨/૨૦૧૦, મંગળવાર સવારે ૧૦.૦૦ કલાકે સાર્વજનિક એજયુકેશન ટ્રસ્ટ, સ્કેટ અને સુરત મહાનગરપાલિકાના ઉપક્રમે માળવી હોલ, ટી.એન્ડ ટી.વી. સ્કુલ, નાનપુરા, સુરત ખાતે ડ્રાફટ હેરીટેજ પોલીસી, સુરત સ્ટેક હોલ્ડર્સ કન્સલટેશનના ખુલ્લા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં મા.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા સાર્વજનિક એજયુકેશન સોસાયટીના પ્રમુખ શ્રી રજનીકાન્ત મારફતીયા, હેરીટેજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કે.ઓ.શાહ, સ્કેટના પ્રિન્સીપાલ શ્રી પરસી એન્જીનીયર, અર્બન મેનેજમેન્ટ સેન્ટર અમદાવાદ કુ.માનવીતા બરાડી અને અર્બન સ્પેશ કન્સલટન્ટ દિલ્હીના શ્રી જગન શાહ અને શહેરના વિવિધ સંસ્થાના અગ્રણીઓ, આર્કીટેકટ, સ્કેટના વિદ્યાર્થીઓ, સ્ટેક હોલ્ડરો અને શહેરીજનો ઉપસ્થિત રહયા હતાં.



મ્યુ.કમિશનરશ્રી તથા મંચ ઉપર બીરાજમાન મહાનુભાવોએ દિપ પ્રાગટય કર્યુ હતું અને વર્કશોપ પ્રારંભ કરાવ્યો. સાર્વજનિક એજયુકેશન સોસાયટીના પ્રમુખશ્રી રજનીકાન્ત મારફતીયાએ સ્વાગત, આવકાર પ્રવચન કર્યુ હતું. મા.મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા હેરીટેજ ડ્રાફટ પોલીસીના તમામ મુદ્દાઓની વિગતવાર છણાવટ કરી જણાવ્યું હતું કે સુરતનો ટ્રેડીશનલ હેરીટેજ વારસો ગુજરાતનો નહી પરંતુ ભારતનો મહત્વનો ભાગ છે.બીલ્ટ હેરીટેજ સાચવવા માટે કોર્પોરેશન છેલ્લા ૩(ત્રણ) વર્ષથી પ્રયાસ કરે છે. સુરત શહેર પોતાના ટ્રેડ,ઈકોનોમીક ગ્રોથ ભારતની આર્થિક નિતિમાં સહાયભુત થાય છે. અમુક શહેર પોતાના ભવ્ય ભુતકાળ ઉપર નિર્ભર રહે છે.

આ વર્કશોપમાં ટેકનીકલ પ્રેઝન્ટેશનો રજુ કરવામાં આવ્યા હતાં. સ્કેટના પ્રિન્સીપાલ,આર્કી.શ્રી પરસી એન્જીનીયરે ઈન હેરીટેજ સુરત ફોર **Gen-next** માટે પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું,જેમાં હેરીટેજ મિલ્કતો એ આપણી યાદગીરી છે. આપણા શહેરની એક આગવી ઓળખ છે. હેરીટેજ મિલ્કતોની જાળવણી/સાચવણી અંગેના ટેકનીકલ મુદ્દાનું વિશદ છણાવટ કરી હતી. મેપીંગ ઓફ લીવીંગ હેરીટેજ મિલ્કતો/ઈમારતોને પોતાના મા–બાપ તરીકે ગણી મિલ્કતોની જાળવણી કરવી જોઈએ. સોર્સીસ ઓફ નોલેજ જેવા કે ફોર્ટ,ઐતિહાસીક વેલ્યુ અને સોર્સીસ ઓફ કન્ટીન્યુટી અંગે હેરીટેજ મિલ્કતોનું લીસ્ટીંગ,ગ્રેડીંગ અંગેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. સુરત શહેર માટે ડ્રાફટ હેરીટેજ પોલીસી કન્ઝર્વેશન તૈયાર કરનાર અર્બન સ્પેશ કન્સલટન્ટના શ્રી જગન શાહે પ્રેઝન્ટેશન આપ્યું હતું. જેમાં ક્રિએટીંગ વેલ્યુ ઓફ હેરીટેજ,ઈન્કલુસીવ પોલીસી,ડયુ પ્રોસેસ,કનસટ્રકટીવ,પ્રોડકટીવ અંગે વિસ્તૃત માહિતગાર કર્યા હતા.

પ્રેઝન્ટેશન પુરુ થયા બાદ હેરીટેજ વિષયના તજજ્ઞો શ્રી રજનીકાન્ત મારફતીયા,શ્રી કે.ઓ.શાહ,શ્રી જગનભાઈ શાહ,કુ.માનવીતા બરાડી,શ્રી નિમીષ પટેલ ધ્વારા પેનલ ડીસ્કશન અન્વયે હેરીટેજ પોલીસી અંગે મિલ્કતોની જાળવણી/સાચવણી વિગેરે બાબતે વિસ્તૃત સમજ આપી હતી તેમજ ઉપસ્થિતોના વિષય આનુષાંગિક વિવિધ પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યાં હતાં. આ પેનલ ડીસ્કશનના અંતે પેનાલીસ્ટોએ શહેરના સ્ટેક હોલ્ડરો,ઈજનેરો,વ્યવસાયિકો વિગેરેના સુચનો અન્વયે તમામ પાસાઓને આવરી લઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ હેરીટેજ અંગેની કામગીરીની નોંધ લીધી. વર્કશોપના અંતે સ્કેટના પ્રિન્સીપાલ શ્રી પરસી એન્જીનયરે આભારવિધિ કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉર્જા બચત અંગેના વિવિધ કાર્યક્રમો,પ્રેઝનન્ટેશનો તથા સ્લાઈડ શોનું આયોજન



સ્વર્ણિમ નિર્મળ ગુજરાત ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૪/૧૨/૨૦૧૦ થી તા. ૩૧/૧૨/૨૦૧૦ દરમ્યાન ઉર્જા બચત અંગેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે જે અંતર્ગત તા. ૨૪/૧૨/૨૦૧૦ ના રોજ અઠવા ઝોન, તા. ૨૫/૧૨/૨૦૧૦ ના રોજ ઉધના ઝોન, તા. ૨૬/૧૨/૨૦૧૦ ના રોજ લિંબાયત ઝોન, તા. ૨૭/૧૨/૨૦૧૦ ના રોજ વરાછા ઝોન, તા. ૨૮/૧૨/૨૦૧૦ ના રોજ કતારગામ ઝોન તેમજ તા. ૨૯/૧૨/૨૦૧૦ના રોજ સેન્ટ્રલ ઝોનમાં ઉર્જા બચત અંગેના વિવિધ કાર્યક્રમો, પ્રેઝનન્ટેશનો તથા સ્લાઈડ શોનું આયોજન કરી જાહેર જનતાને ઉર્જા બચત તેમજ બીન પરંપરાગત ઉર્જા સ્ત્રોતોના ઉપયોગ કરવા અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવેલ.આજ પ્રકારના કાર્યક્રમો આવતી કાલ તા. ૩૦/૧૨/૨૦૧૦ ના રોજ રાંદેર ઝોનમાં તથા તા. ૩૧/૧૨/૨૦૧૦ના રોજ સાયન્સ સેન્ટરમાં કરવામાં આવશે.

ઉર્જા બચતના તથા બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતોના ઉપકરણો અંગે જનજાગૃતિ લાવવા એક વધુ પ્રયાસ રૂપે તા. ૨૯/૧૨/૨૦૧૦ થી તા. ૩૧/૧૨/૨૦૧૦ સુધી બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતો તથા ઉર્જા બચતના ઉપકરણોના પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ ધ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ મોડેલોનું પ્રદર્શન તથા સ્પર્ધા સુરત મહાનગરપાલિકાના આર્ટ ગેલેરી, સાયન્સ સેન્ટર, સીટી લાઈટ ખાતે રાખવામાં આવેલ છે.

આ પ્રદર્શનનું ઉદ્દઘાટન મા.મેયરશ્રી હસ્તક,ડે.મેયરશ્રી,શાસક પક્ષના નેતાશ્રી તથા મહાનગરપાલિકાના અધિકારીગણની ઉપસ્થિતિમાં તા. ૨૯/૧૨/૨૦૧૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે કરવામાં આવેલ. મેયરશ્રી ધ્વારા આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રાસંગિક શુભેચ્છા સંદેશો પાઠવવામાં આવેલ.

આ પ્રદર્શનમાં કુલ ૨૭ પ્રાથમિક શાળાઓ,૩૫ માધ્યમિક શાળાઓ,૧૦ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ ૨ કોલેજો ધ્વારા ભાગ લેવામાં આવેલ છે. જેમા ઉર્જા બચત તેમજ બીન પરંપરાગત ઉર્જા સ્ત્રોતના વિવિધ ઉપયોગ દર્શાવતા કુલ–૮૦ મોડેલો પ્રદર્શિત કરવામાં આવેલ છે.આ પ્રદર્શનના પ્રથમ દિવસે જાહેર જનતા તરફથી ખુબ સારો પ્રતિસાદ મળવા પામેલ જેમા ખુબજ મોટી સંખ્યામાં નાગરિકો તથા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ મુલાકાત લીધેલ છે.

TOP

# સ્વર્ણિમ ગુજરાત નિમિતે સમયદાનનાં કાર્યક્રમ અંતર્ગત કતારગામ ઝોનમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ



સ્વર્ણિમ ગુજરાત નિમિતે સમયદાનનાં કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ મેયરશ્રીના વરદહસ્તે તા.૩૦/૧૨/૨૦૧૦નાં રોજ અમરોલી બ્રીજની બાજુમાં પાળા પાસેની જગ્યામાં રાખવામાં આવેલ. શ્રી ગણેશ ઉત્સવ સમિતિનાં પ્રમુખશ્રી અનિલભાઈ બિસ્કીટવાળા(મ્યુ.સભ્યશ્રી) તથા તેઓના કાર્યકરોની સમગ્ર ટીમ મારફતે છેલ્લાં દસ દિવસથી સમય ફાળવી સદર સ્થળે અવિરત કામગીરી કરવામાં આવી રહી છે. મે.કમિશ્નરશ્રી,ડે.મેયરશ્રી, ડે.કમિશ્નરશ્રી(પ. અને ઈ.), કાર્યપાલક ઈજનેર(નોર્થ ઝોન) તથા ઈલેકશન વોર્ડ નં.૨(અમરોલી)નાં મ્યુનિ.સભ્યોશ્રી ધનજીભાઈ ચાવડા, શ્રી વિજયભાઈ પટેલ તથા શ્રીમતિ ઉવર્શીબેન અનિમેષભાઈ માળી ઉપસ્થિત રહેલ. કુલ ૧૬૫ વૃક્ષોના રોપા ઉગાડવામાં આવ્યા. આ સ્થળને પીકનીક સ્પોટ તરીકે વિકાસ કરવાનું પણ સુરત મહાનગરપાલિકાનું આયોજન છે. જેમાં ફુવારા સાથેનો ગાર્ડન,રાઈડસ સાથેનો ચિલ્ડ્રન પાર્ક અને ઘનિષ્ઠ વૃક્ષારોપણ નજીકનાં ભવિષ્યમાં થનાર છે.

TOP